# સૂચનાઓ

અમારી સૂચનાઓનો વિડિઓ જૂઓ
www.gov.uk/taking-antibody-blood-sample

## તમારી કિટમાં શું છે?



સંગ્રહ કરવા માટેનું ટબ


પ્લાસ્ટર્સ x 2



એલ્કોહોલ લૂછણિયુ (વાઈપ)



સાફ કરવાનું લૂછણિયુ


લાન્સિટ (ચીરવા માટે મેડિકલનું અણીવાળુ સાધન) x3


પૂર્વચૂકવણીવાળુ પરબીડિયુ


રવાના કરવાના ફોર્મ ઉપર ટ્યૂબનું લેબલ


સ્વચ્છ પ્લેસ્ટિક બેગ


કાર્ડબોર્ડ બોકસ


રવાના કરવા માટેનું ફોર્મ

> ! તમે શરૂ કરો તે પહેલાં ગરમ પાણીનો બોલ કે વાટકો અને સ્વચ્છ ટિશ્યૂ લો

## તૈયાર થઈ અને યથાસ્થાને ગોઠવો

### શરૂ કરતા પહેલાં, ખાતરી કરો કે તમે...

- ✓ **આ સંપૂર્ણ સૂચનાઓ વાંચો**
- ✓ તમારી કસોટી કે ટેસ્ટ કેવી રીતે કરવી તે જૂઓ
  જાઓ www.gov.uk/taking-antibody-blood-sample
- ✓ ઘણુ બધુ પાણી પીઓ
  **તૈયારી સમયે જલયોજિત (હાઈડ્રેટેડ) થવાનું કરી શકો તે તમારા માટે શ્રેષ્ઠ કહેવાય** - તમારી કસોટી કે ટેસ્ટની ઓછામાં ઓછી 30 મિનિટો પહેલાં 2 ગ્લાસીસ પાણી પીઓ.
- ✓ પૂરતો સમય બાજુએ રાખો
  તૈયાર થવા આશરે 30 મિનિટસનો તમારો સમય માટે આપો, યથાસ્થાને ગોઠવો કે મૂકો અને તમારો નમૂનો એકત્રિત કરો - ખાસકરીને જો આ તમારું પહેલીવખત હોય.
- ✓ થોડીક હળવી કસરત કરો
  જમ્પિંગ જેકસ કરો, અથવા તમારા હાથ ઝુલાવી (સ્વિંગ) અને એક મિનિટ માટે મુષ્ટિ (ફિસ્ટ) સજ્જડ કરો (જો તેમ કરવાનું તમારા માટે સલામત હોય તો) - આથી તમારું લોહી ફરવામાં મદદરૂપ બને છે.

**શનિવારે, તમારી કસોટી કે ટેસ્ટ કરશો નહિ, અથવા પોસ્ટ કરશો (નહિ), - તે પોસ્ટમાં લાંબો વખત પડી રહેશે. કોઈ પણ બીજો દિવસ સારો રહે.**



## 1. તૈયાર રહો

1. શરૂ કરતાં પહેલાં તપાસ કરો કે કિટ **તમને સંબોધિત કરવામાં આવેલ છે.**
2. કોઈ એક નીચા (લો) ટેબલ ઉપર તમારી કિટ રાખો.
3. કોઈ એક સ્વચ્છ ટિશ્યૂ અને ગરમ પાણીનો બોલ લો.
4. 20 સેકન્ડો માટે તમારા હાથો સાબુ સાથે ધૂઓ અને કોઈ એક સ્વચ્છ ટોવેલથી સૂકા કરો.



## 2. રચના કે ગોઠવણી

1. ટ્યૂબમાંથી ઢાંકણને દૂર કરો.
2. **કાર્ડબોર્ડ બોકસના ઉપરના ભાગમાંના** સ્લોટ કે નિયત કરેલ જગ્યાનો ઉપયોગ કરી ટ્યૂબને ઉભી-સીધી રાખો.
3. પ્લાસ્ટર તૈયાર કરો કે જેથી તે તમારી આંગળી ઉપર ફટ દઈને (પોપ અપ) આવવા તૈયાર રહે.



## 3. લોહીને વહેવા દો

1. **તમારા આખા હાથને ગરમ પાણીના બોલમાં** (આશરે નહાવાના ઉષ્ણતામાને હોય) 2 મિનિટો માટે મૂકો. ત્યારબાદ કોઈ એક સ્વચ્છ ટિશ્યૂથી તમારા હાથ સૂકા કરો.
2. સમગ્ર પ્રક્રિયા માટે ઊભા રહો (પણ જો તમને મૂર્છા જેવુ લાગે તો, બેસી જાઓ - અને જો તમે કોઈ એક સાથે રહેતા હો તો, તેઓની મદદ માટે વિનંતી કરો). લાહીને વહેવા દેવા માટે તમરા હાથ અવશ્ય તમારી કોણી કરતાં નીચા રાખો.

V2.5p - છેલ્લી સમીક્ષા નવેમ્બર 2020 માં કરેલ

બીજી ભાષાઓમાં પ્રશ્નો અથવા સૂચનાઓ માટે, અહીં જાઓ www.gov.uk/taking-antibody-blood-sample

## તમારો નમૂનો ભેગો કરો








### 1. લાન્સિટનો (ચીરવા માટે મેડિકલનું અણીવાળુ સાધન) ઉપયોગ કરો

1. એલ્કોહોલના લૂછણિયા સાથે તમારી આંગળી સાફ કરો - અમે ભલામણ કરીએ છીએ કે તમારા ઉપયોગમાં નહિ લેવામાં આવતા હાથની ત્રીજી આંગળીનો ઉપયોગ કરો.
2. લાન્સિટના નીચેના ભાગમાં રક્ષણાત્મક ટિપ કે અણીને દૂર કરવા: **ટિપને વળ ચડાવો કે ટવિસ્ટ (એક સંપૂર્ણ વળાંક કે ટર્ન)** અને ત્યારબાદ તેને આખી બહાર ખેંચો.
3. કોઈ એક કઠણ સપાટી ઉપર તમારા હાથનો ઉપરનો ભાગ (ટેબલના ઉપરના ભાગ માફક) મૂકો.
4. તમારી આંગળીની ટોચના બહારના કેન્દ્ર ઉપર લાન્સિટને નીચે દબાવો
5. **જયાં સુધી તમે ક્લિક અવાજ સાંભળો ત્યાં સુધી** જાંબૂડિયા (પર્પલ) **બટન ઉપર જોરથી દબાવો.** તમે દરેક લાન્સિટનો ફક્ત એકજ વાર ઉપયોગ કરી શકો.

### 2. ટયૂબ કે નળીને ભરો

1. કોઈ એક સ્વચ્છ ટિશ્યૂ સાથે લોહીના પહેલા ટીંપાને લૂછી નાખો.
2. દર 3 થી 4 સેકંડે **તમારા હાથને નીચેની ગતિમાં જોરથી મસાજ કરો.** તમારા હાથની હથળેથી શરૂઆત કરી તમારી આંગળી સુધી નીચે આવો. પણ **જયાં છેદ કે વિંધવામાં આવ્યુ હોય ત્યાં દાબશો નહિ** અથવા તે તમારા નમૂનાને કદાચ બગાડી શકે.
3. જો લોહી વહેતુ બંધ થાય તો, લોહીના પ્રવાહને ઉદીપ્ટ કરવા (સ્ટિમ્યૂલેટ) છેદ કરવામાં આવેલ આંગળીને લૂછવા દબાણનો ઉપયોગ કરો. જો આ કાર્ય ન કરે તો, અને તે **2 મિનિટો કરતા વધારે સમય** થયો છે તો, તમારા **હાથને ફરીથી ગરમ- હુંફવાળા** કરી અને બીજી આંગળીને છેદ કરવા નવા લાન્સિટનો ઉપયોગ કરો.

### 3. ટ્યૂબને મિશ્ર કરો

ટયૂબમાં **600 લાઈન** કે લીટી સુધી ભરો. જો તમે ફકત 400 લીટી સુધી ભરશો તો, તે ઓકે બરાબર રહેશે. કેપને ટયૂબ ઉપર રાખો. **જયાં સુધી તે ક્લિક થાય** ત્યાં સુધી તેને દબાવો. 1. હળવેથી ટયૂબને ઊંધી કે ઉપરના ભાગને ફેરવો. ટયૂબમાં 600 લાઈન કે લીટી સુધી ભરો. જો તમે ફકત 400 લીટી સુધી ભરશો તો, તે ઓકે બરાબર રહેશે. કેપને ટયૂબ ઉપર રાખો. જયાં સુધી તે ક્લિક થાય ત્યાં સુધી તેને દબાવો.

1. **ઓછામાં ઓછી 10 વખત ટયૂબને ઊંધીચતી કરશો.** ખાતરી કરશો કે લોહી ટયૂબની બાજુએ સ્પર્શ કરે છે.
2. જયારે મિશ્ર કરવામાં આવે ત્યારે જો લોહીનું ઘનીકરણ (સોલિડિફાઇ) થાય તો ચિંતિત બનશો નહિ. આવુ બનવાની ધારણા રાખવામાં આવે છે.
3. લોહી વહેવાનું બંધ કરવા માટે આંગળી ઉપર દબાણ લાવો, સ્વચ્છ કરતા લૂછણિયાથી સાફ કરી, અને પ્લાસ્ટર લગાવો.
4. ઢોળાયેલ કે વેરાયેલ લોહીને તાત્કાલિક સાફ કરી અને આજુબાજુના વિસ્તારને જંતુમુકત કરશો.

## લેબલ અને પોસ્ટ

1. પરત કરેલ ફોર્મમાંથી **તમારા ટયૂબ લેબલને ઉખાડી** અને તમારી ટયૂબની આજુબાજુમાં **વીંટો** કે લગાવો. ખાતરી કરો કે છાપેલ કોડ જોઈ શકાય તેમ હોય છે.
2. નમૂનો ટ્રેનસ્પોર્ટ કરવા માટે 95 kPa લેબલવાળી સ્વચ્છ પ્લેસ્ટિક બેગ મેળવો. **લાન્સિટ અને ટયૂબ સ્લોટ મારફતે મૂકો** — કે જે યલો - પીળા સ્ટિકર વચ્ચે મળશે. આવી બેગનો ઉપરનો ભાગ સપાટ હોવાથી, **સ્ટિકરને દૂર કરી** અને સ્ટિકી બેકીંગ ઉપર ફ્લેપને **ફોલ્ડ-કરો કે** વાળો. મધ્યમાંથી બહાર સુધી દબાવી **સારી રીતે સીલ કરો.**
3. **તમારા પરત કરવાના ફોર્મ ઉપર સમય અને તારીખ ભરો.** જે બોકસમાંથી તમારી કિટ આવેલ હોય તેમાં ફોર્મ અને સ્વચ્છ પ્લેસ્ટિક બેગ (ટયૂબના સમાવેશ સાથે) મૂકી અને બંધ કરો.
4. **પૂર્વચૂકવણીવાળા પરબીડિયામાં બોકસને મૂકો.**
5. NHS લોગો સાથે **અગ્રતાવાળા પોસ્ટબોકસમાં તમારો નમૂનો મૂકો.** તમારા સૌથી નજીકના અગ્રતાવાળા બોકસ માટે www.royalmail.com/services-near-you. માહિતી મેળવો. જો તમને સુરક્ષિતરીતે અગ્રતાવાળા બોકસ સુધી જઈ ન શકો તો, તમારા સ્થાનિક પોસ્ટબોકસનો ઉપયોગ કરશો.
6. તમામ ઉપકરણોનો સલામત રીતે નિકાલ કરો.










### ચિહ્નો

| | | | |
|---|---|---|---|
| | સૂર્યપ્રકાશથી દૂર રહો | | ઉપયોગ માટે સૂચનાઓની સલાહ લો |
| | વરસાદથી દૂર રહો | CE | યૂરપિઅન અનુસરણ (કોનફોર્મિટિ) |
| | ફરીથી ઉપયોગ ન કરવો | | ઉત્પાદક |
| 25°C | ઉષ્ણતામાન મર્યાદા 25°C | LOT | બેચ કોડ |
| IVD | ઈન વિટ્રો ડાયગ્નોસ્ટિક તબીબી સાધન | | તારીખ સુધીના ઉપયોગ માટે ટયૂબો તપાસો |

- આ એક ઈન વિટ્રો ડાયગ્નોસ્ટિક તબીબી સાધન છે.
- તમારી કિટમાં પૂરા પાડવામાં આવેલ સાધનનો ફકત ઉપયોગ કરો.
- આ કસોટી કે ટેસ્ટ ઓર્ડર કરનાર વ્યક્તિ દ્વારા અવશ્ય હાથ ધરવામાં આવવી જોઈએ અને લેબલ થવું જોઈએ.
- ચેપના ચિહ્નો માટે ધ્યાન આપવુ જોઈએ. જો તમારા ધાની જગ્યા લાલ, ગરમ, અથવા સોજો થાય તો, તબીબી સલાહનો પ્રયત્ન કરો.
- આ કિટ 18 અને તેનાથી ઉપરની વયના લોકો માટે છે.
- જો લોહી બંધ ન થાય તો જોરથી દબાણ આપી તમારા હાથ ઊચા કરો. જો આ કામ ન કરે તો, તબીબી સલાહનો પ્રયત્ન કરો.
- જો તમને મૂર્છા લાગે તો, સૂઈ જાઓ અને તમારા પગો ઊચા કરો. જો તમને અસ્વસ્થતા લાગવાનું ચાલુ રહે તો, તબીબી સલાહનો પ્રયત્ન કરો.
- જો તમે એન્ટિકોએગ્યુલેશન (પ્રતિસ્કંદક) દવા લેતા હો તો વધારે લોહી નીકળવાનો જોખ - ભય રહે છે.
- કિટને બાળકો, પ્રાણીઓ, સૂર્યના પ્રકાશ, આગ અને ધૂમાડાથી દુર રાખો.
- જો બહારનું ઉષ્ણતામાન 25°C થી ઉપર હોય તો તમારા નમૂનાને પોસ્ટ કરશો નહિ.
- તે ખૂબજ અસંભવિત છે, પણ ગૂંચવણો થવાનો થોડોક જોખમ- ભય હોય છે — કે જેમાં ડાઘનો, હેમેટોમા (લોહીનો સંગ્રહ), જ્ઞાનતંતુને નુકસાન, અને નેક્રોસિસનો (ત્વચાના કોષોનું અકાળ મૃત્યુ) સમાવેશ થાય છે.

**પૂરતુ લોહી મળી શકે તેમ નથી?**

મદદ- સહાય માટે જાઓ **www.gov.uk/taking-antibody-blood-sample.** જો તમને નમૂનાના ભાગ- અંશનો નિકાલ કરવાની જરૂર રહે તો, સામાન્ય નમૂના માટે જેમ કરો તે પ્રમાણે પેક કરવા સૂચનાઓનો ઉપયોગ કરી (કે જેમાં પરબીડિયાનો સમાવેશ થાય છે). ત્યારબાદ ઘરગથ્થુ કચરામાં તે બધાનો નિકાલ કરો.